સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

WEEK 17 (24/04/22 to 30/04/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




# સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆

[ MCQ BOOSTER ]

## પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 24 APR-2022


- દિવસ મહિમા : 24 એપ્રિલ, રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, World Lab Animal Day ........ 02
- ઇલેક્ટ્રિક વાહનો માટે બેટરી સ્વેપિંગ ડ્રાફ્ટ પોલિસી ........ 04
- QUESTION ANSWERS ........ 07


## 25 APR-2022


- દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day) ........ 08
- લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડ ........ 09
- શ્રી સુમન બેરી નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ બન્યા ........ 10
- QUESTION ANSWERS ........ 12


## 26 APR-2022


- દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ, (World Intellectual Property Day) ........ 13
- ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ : ઉર્જા પ્રવાહ ........ 13
- ચીન અને સોલોમન ટાપુઓએ સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા ........ 14
- QUESTION ANSWERS ........ 15


## 27 APR-2022


- SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ ........ 16
- શ્રી એલોન મસ્કે Twitterને 44 બિલિયન ડોલરમાં ખરીદ્યું ........ 17
- ભારતની પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત : પલ્લી ........ 19
- 'દૂધ વાણી' સામુદાયિક રેડિયો સ્ટેશનનું ઉદ્દઘાટન ........ 20
- QUESTION ANSWERS ........ 21


## 28 APR-2022


- દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ, (World Day for Safety and Health at work) ........ 22
- પર્સિવરેન્સ રોવર દ્વારા લેવામાં આવેલી મંગળ પર ગ્રહણની તસ્વીરો ........ 22
- ક્વાર હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ ........ 23
- QUESTION ANSWERS ........ 25


## 29 APR-2022


- દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day) ........ 26
- બ્રહ્મોસ મિસાઇલનું એન્ટી શિપ વર્ઝન ........ 26
- ઉન્નત ભારત અભિયાન 2.0 (Unnat Bharat Abhiyan) ........ 26
- રશિયાએ UNWTO સભ્યપદ છોડવાની જાહેરાત કરી ........ 27
- QUESTION ANSWERS ........ 28


## 30 APR-2022


- દિવસ મહિમા : 30 એપ્રિલ, આયુષ્યમાન ભારત દિવસ, (Ayushman Bharat Diwas) ........ 29
- મેન્થોલ સિગારેટ અને ફ્લેવર્ડ સિગાર પર પ્રતિબંધ ........ 29
- આર્મી સ્ટાફના નવા વાઇસ ચીફ તરીકે શ્રી બી.એસ રાજૂની નિમણૂક ........ 31
- QUESTION ANSWERS ........ 32


ONE LINER ........ 33

QUESTION OF THIS WEEK ........ 39


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 24 એપ્રિલ,** (1) **રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ**
(2) **World Lab Animal Day**
**(World Day for Animals in Laboratories)**

## રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ



ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તત્કાલીન વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 24 એપ્રિલ, 2010ના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2010થી ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવાય છે.
- આ દિવસને રાષ્ટ્રીય સ્થાનિક સ્વરાજ્ય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અંગે મહત્ત્વનો 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલ, 1993ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 24 એપ્રિલના રોજ 'પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## 73મો બંધારણીય સુધારો

ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં ભાગ-9 ઉમેરવામાં આવ્યો છે.

- આ નવા ઉમેરાયેલા ભાગ-9માં અનુચ્છેદ 243થી 243(O) અંતર્ગત પંચાયતી રાજ અંગેની (પંચાયતોના માળખા સંબંધિત) જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં પંચાયતી રાજના અમલ માટે ભારતીય બંધારણમાં એક નવુ પરિશિષ્ટ અથવા તો અનુસૂચિ 11 ઉમેરવામાં આવી છે.
- જેમાં પંચાયત અંગેના 29 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 40માં પંચાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- પંચાયત સંબંધિત જોગવાઈઓ ભારતીય બંધારણના અનુચ્છેદ 243થી 243(O)માં ઉલ્લેખિત છે. જે આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | |
|---|---|
| અનુચ્છેદ 243 | વ્યાખ્યાઓ |
| અનુચ્છેદ 243(A) | ગ્રામસભા |
| અનુચ્છેદ 243(B) | પંચાયતોની રચના |
| અનુચ્છેદ 243(C) | પંચાયતની સંરચના |
| અનુચ્છેદ 243(D) | બેઠકોમાં અનામત |
| અનુચ્છેદ 243(E) | પંચાયતની મુદત |
| અનુચ્છેદ 243(F) | સભ્યોની ગેરલાયકાત |
| અનુચ્છેદ 243(G) | પંચાયતની સત્તા, અધિકાર, જવાબદારી |
| અનુચ્છેદ 243(H) | પંચાયતની કરવેરા લાદવાની સત્તા અને ફંડ બાબત |
| અનુચ્છેદ 243(I) | રાજ્યપાલ દ્વારા નાણાકીય જોગવાઈ માટે રાજ્ય નાણાપંચની સ્થાપના |
| અનુચ્છેદ 243(J) | પંચાયતોના હિસાબનું ઓડિટ |
| અનુચ્છેદ 243(K) | પંચાયતની ચૂંટણીની જવાબદારી રાજ્ય ચૂંટણીપંચ નિભાવશે |
| અનુચ્છેદ 243(L) | કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડવા બાબત |
| અનુચ્છેદ 243(M) | અમુક વિસ્તારોમાં પંચાયતની જોગવાઈ લાગુ ન પડવા બાબત |
| અનુચ્છેદ 243(N) | વિદ્યમાન કાયદાઓ તથા પંચાયતો કાર્યરત રાખવા બાબત |
| અનુચ્છેદ 243(O) | ચૂંટણી સાથે જોડાયેલ બાબતોમાં અદાલત હસ્તક્ષેપ નહીં કરે |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ

ભારતમાં સૌપ્રથમ 2 ઓક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદરી ગામમાં પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

- રાજસ્થાનના નાગૌર જિલ્લામાં શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે આ પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.
- ભારતના દરેક ખૂણામાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં મૂકવી એ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું.
- આથી, રાજસ્થાનના નાગૌર જિલ્લામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા 1993માં પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

નોંધ : 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા પંચાયત અધિનિયમ, 1961 નાબૂદ કરીને નવો પંચાયત અધિનિયમ, 1993 લાગુ કરવામાં આવ્યો હતો.

## ઈલેક્ટ્રિક વાહનો માટે બેટરી સ્વેપિંગ ડ્રાફ્ટ પોલિસી



તાજેતરમાં NITI આયોગે દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (EVs) માટેની બેટરી સ્વેપિંગ પોલિસીનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો.

- પોલિસીનો ઉદ્દેશ ઈલેક્ટ્રિક સ્કૂટર અને થ્રી વ્હીલર ઈલેક્ટ્રિક રિક્ષા માટે બેટરી સ્વેપિંગ ઈકોસિસ્ટમની કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે, જેથી લોકો ઈલેક્ટ્રિક વાહનો (EVs) અપનાવવામાં સક્ષમ બને.
- ડ્રાફ્ટ પોલિસી મૂજબ પ્રથમ તબક્કા હેઠળ બેટરી સ્વેપિંગ નેટવર્કના વિકાસ માટે 40 લાખથી વધુ વસતી ધરાવતા તમામ મેટ્રોપોલિટન શહેરોને પ્રાથમિકતા આપવામાં આવશે.

### બેટરી સ્વેપિંગ શું છે ?

બેટરી સ્વેપિંગ એ એક એવી પદ્ધતિ છે જેમાં ચાર્જ થયેલી બેટરીને એક્સપાયર (Discharged Batteries)થી બદલવામાં આવે છે.

- તેઓ આ બેટરીઓને અલગથી ચાર્જ કરવાની સુવિધા પૂરી પાડે છે અને નજીવા ડાઉન ટાઈમ સાથે વાહનને ઓપરેશનલ મોડમાં રાખે છે.
- બેટરી સ્વેપિંગ સામાન્ય રીતે નાના વાહનો જેમ કે ટુ વ્હીલર અને થ્રી વ્હીલર માટે કરવામાં આવે છે, જે નાની બેટરીનો ઉપયોગ કરે છે.

### ડ્રાફ્ટ પોલિસીના મુખ્ય મુદ્દાઓ

ડ્રાફ્ટ પોલિસી મુજબ બેટરી સ્વેપ બેટરી–એઝ–એ–સર્વિસ (BAAS) બિઝનેસ મોડલ હેઠળ કરવામાં આવશે.

- અને આવા મોડેલોને વૈકલ્પિક રીતે બેટરી સ્વેપિંગ માટે ઈવી અને બેટરી વચ્ચે અંતર–સંચાલન સુનિશ્ચિત કરવી પડશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

(1) **ન્યૂનત્તમ તકનીકી ધોરણો :** આ નીતિ બેટરી સ્વેપિંગ ઈકો સિસ્ટમ માટે જરૂરી ન્યૂનત્તમ તકનીકી અને ઓપરેશનલ આવશ્યકતાઓને સેટ કરે છે, જેથી બેટરી–સ્વેપિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અસરકારક, કાર્યક્ષમ, વિશ્વસનીય, સુરક્ષિત અને ગ્રાહક–મૈત્રીપૂર્ણ અમલીકરણને સક્ષમ કરી શકાય.

(2) **નાણાકીય સહાય :** બેટરી પ્રદાતાઓ (બેટરી ખર્ચ માટે) અને EV વપરાશકર્તાઓને પ્રત્યક્ષ અને પરોક્ષ નાણાકીય સહાય પૂરી પાડવી.

(3) **ટેક્સ ઘટાડવો :** ડ્રાફ્ટ પોલિસીમાં સૂચવવામાં આવ્યુ છે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલ લિથિયમ–આયન બેટરી અને ઈલેક્ટ્રિક વાહન સપ્લાય ઈક્વિપમેન્ટ પર ટેક્સ દરમાં તફાવત ઘટાડવા વિચારણા કરી રહી છે. અગાઉ વર્તમાન કર દર 18% હતો. જે બાદમાં વધારીને 5% કરવામાં આવ્યો છે.

(4) **યુનિક આઈડેન્ટિફિકેશન નંબર :** પોલિસી મેન્યુફેક્ચરિંગ લેવલ પર સ્વેપ કરી શકાય તેવી બેટરીને ટ્રેક કરવા અને મોનિટર કરવા માટે યુનિક આઈડેન્ટિફિકેશન નંબર (UIN) પ્રદાન કરવાની પણ દરખાસ્ત કરે છે.

## નોડલ એજન્સી

- <u>બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (Bureau of Energy Efficiency)</u> એ EV પબ્લિક ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રોલઆઉટ અને સમગ્ર દેશમાં બેટરી સ્વેપિંગ નેટવર્કના અમલીકરણ માટે જવાબદાર કેન્દ્રીય નોડલ એજન્સી છે.

## બેટરી સ્વેપ પોલિસીની જરૂર શા માટે છે ?

<u>ઈલેક્ટ્રિક વાહનો (EVs)</u> પરંપરાગત રીતે <u>'ફિક્સ્ડ'</u> બેટરીથી ખરીદવામાં આવે છે જે EVની અંદર મૂકવામાં આવે ત્યારે જ વીજળીનો ઉપયોગ કરીને ચાર્જ થઈ શકે છે.

- પરંપરાગત વાહનો માટે ઈંધણ સ્ટેશન જેવા EV અપનાવવા માટે પર્યાપ્ત, આર્થિક, સુલભ અને વિશ્વસનીય ચાર્જિંગ નેટવર્ક જરૂરી છે.
- ભારતમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- જોકે, ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં હજુ લાંબો સમય લાગી શકે છે અને શહેરી વિસ્તારોમાં જગ્યાની મર્યાદા છે.
- આથી, ભારત સરકારે <u>2022-23</u>ના બજેટ ભાષણમાં જાહેરાત કરી હતી કે EV ઈકોસિસ્ટમ કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે કેન્દ્રીય બેટરી સ્વેપિંગ પોલિસી અને ઈન્ટરઓપરેબિલિટી ધોરણો રજૂ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્ત્વ

ભારત યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) પર હસ્તાક્ષર કરનાર છે, જેના પર ભારત દ્વારા વર્ષ 2021માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- આ આદેશ હેઠળ ભારત વર્ષ 2070 સુધીમાં નેટ–શૂન્ય લક્ષ્ય હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે.
- વાહનવ્યવહારને ડીકાર્બોનાઈઝ કરવા માટે ઈલેક્ટ્રિક વાહનો (EVs) દ્વારા સંચાલિત સ્વચ્છ ગતિશલતા માટે આ ફેરફાર જરૂરી છે.
- માર્ગ પરિવહન ક્ષેત્ર કાર્બન ઉત્સર્જનમાં મુખ્ય ફાળો આપનાર પૈકીનું એક છે અને લગભગ 33% કણોનું ઉત્સર્જન કરે છે.
- વસતીની દષ્ટિએ ભારત વિશ્વમાં બીજા ક્રમે છે, જે સૂચવે છે કે વસતીનો મોટો હિસ્સો પરિવહન માટે વાહનોનો ઉપયોગ કરે છે.
- ઈલેક્ટ્રિક વાહનો માટે બેટરી સ્વેપિંગની આ નીતિ વાયુ પ્રદૂષણ ઘટાડવા મહત્વપૂર્ણ છે.
- વર્ષ 2021માં ભારતીય EV બજાર 1,434.04 બિલિયન અમેરિકન ડોલરનો અંદાજ હતો જે વર્ષ 2027માં CAGR સાથે વધીને 15,937.19 બિલિયન અમેરિકન ડોલર થવાની ધારણા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ

(C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ (C)

2. ભારતમાં 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1993 (B) 2002

(C) 2005 (D) 2010 (D)

3. 2 ઓક્ટોબર, 1959ના રોજ ભારતમાં રાજસ્થાનના નાગૌર જિલ્લાના કયા ગામમાં સૌપ્રથમ વખત પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો હતો ?

(A) બલસાણા (B) બગદરી

(C) બરગાંવ (D) બેનાસ (B)

4. 'World Lab Animal Day' અથવા તો 'પ્રયોગશાળામાં રહેલા પ્રાણીઓ માટેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ

(C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ (C)

5. તાજેતરમાં કોણે દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (EVs) માટેની બેટરી સ્વેપિંગ પોલિસીનો ડ્રાફ્ટ બહાર પાડયો હતો ?

(A) NITI આયોગ (B) NPCB

(C) SPCB (D) વાણિજ્ય મંત્રાલય (A)

6. ઈલેક્ટ્રિક વાહનો માટે બેટરી સ્વેપિંગ ડ્રાફ્ટ પોલિસી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તાજેતરમાં નીતિ આયોગે આ ડ્રાફ્ટ બહાર પાડયો છે.
2. તેનો ઉદ્દેશ ઈલેક્ટ્રિક સ્કૂટર અને થ્રી વ્હીલર ઈલેક્ટ્રિક રિક્ષા માટે બેટરી સ્વેપિંગ ઈકોસિસ્ટમની કાર્યક્ષમતામાં સુધારો કરવાનો છે.
3. ડ્રાફ્ટ પોલિસી મુજબ પ્રથમ તબક્કા હેઠળ બેટરી સ્વેપિંગ નેટવર્કના વિકાસ માટે 40 લાખથી વધુ વસતી ધરાવતા તમામ મેટ્રોપોલિટન શહેરોને પ્રાથમિકતા આપવામાં આવશે.


યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day)




સમગ્ર વિશ્વમાં 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મેલેરિયાને નિયંત્રણમાં લેવા માટે થતાં વિશ્વ વ્યાપી પ્રયત્નોને વાચા આપવાનો છે.
- મે 2007માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 60મા સત્રમાં આ દિવસની ઉજવણીને માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 2022ની વિશ્વ મેલેરિયા દિવસની થીમ **'Harness Inovation to reduce the malaria disease burden and save lives'** છે.
- જેનો ગુજરાતીમાં અર્થ થાય છે 'મેલેરિયા રોગનો બોજ ઘટાડવા અને જીવન બચાવવા માટે નવીનતાનો ઉપયોગ કરો'

## મેલેરિયાની રસી

23 એપ્રિલ, 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી હતી.

- આ રસી પાંચ મહિનાથી બે વર્ષ સુધીના બાળકો માટે છે.
- આ રસીનું નામ RTS-S/A S01 છે. અને તેનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.
- વર્ષ 2019માં આ રસી લોન્ચ કર્યા બાદ ઓક્ટોબર 2021માં WHOએ તેને માન્યતા આપી હતી.

## મેલેરિયા

મેલેરિયા એ મચ્છરથી ફેલાતો ચેપી રોગ છે.

- તે ચેપગ્રસ્ત માદા એનોફિલિસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરોપજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- આફ્રિકા સહિત વિશ્વના તમામ ભાગોમાં મેલેરિયાથી સૌથી વધુ મૃત્યુ આ ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને કારણે જ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:**

(1) WHO દ્વારા બહાર પાડવામાં આવેલ વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ, 2020માં જણાવવામાં આવ્યુ છે કે ભારતે મેલેરિયાને નાબૂદ કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

(2) રિપોર્ટ અનુસાર ભારત એકમાત્ર અત્યંત સ્થાનિક દેશ છે, જેણે વર્ષ 2018ની સરખામણીમાં વર્ષ 2019માં 17.6 ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

(3) WHOએ તેની 'E-2025 પહેલ' હેઠળ 2025 સુધીમાં મેલેરિયાને નાબૂદ કરવાની ક્ષમતા ધરાવતા 25 દેશોની પણ ઓળખ કરી છે.

(4) મેલેરિયાની રસી RTS-S (Mosquirix)ને GlaxoSmithKline (GSK) કંપની દ્વારા વિકસાવવામાં આવી હતી. અને 2015માં યુરોપિયન મેડિસીન એજન્સી દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

## લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડ




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રથમ લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડ (Lata Deenanath Mangeshkar Award) એનાયત કરવામાં આવ્યો હતો.

- મુંબઈમાં આયોજિત 80મા વાર્ષિક માસ્ટર દીનાનાથ મંગેશ્કર એવોર્ડ સમારોહમાં રાષ્ટ્ર અને સમાજ માટે તેમની નિ:સ્વાર્થ સેવા માટે તેમને આ એવોર્ડ મળ્યો હતો.

### લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડ

લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડની સ્થાપના સુપ્રસિદ્ધ ગાયિકા સુશ્રી લતા મંગેશ્કરની યાદમાં અને સન્માનમાં કરવામાં આવી છે.

- માસ્ટર દીનાનાથ મંગેશ્કર સ્મૃતિ પ્રતિષ્ઠાન ચેરિટેબલ ટ્રસ્ટના જણાવ્યા અનુસાર આ એવોર્ડ દર વર્ષે માત્ર એક જ વ્યક્તિને આપવામાં આવશે.
- આ એવોર્ડ દર વર્ષે માત્ર એવા વ્યક્તિને જ આપવામાં આવશે કે જેમણે રાષ્ટ્ર, તેના લોકો અને સમાજ માટે અભૂતપૂર્વ, તેજસ્વી અને અનુકરણીય યોગદાન આપ્યું હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલા અન્ય આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | વર્ષ | કોના દ્વારા |
|---|---|---|---|
| 1 | ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો (અથવા નગદગ પેલ જી ખોર્લો) | 2021 | ભૂટાન |
| 2 | લિજન ઓફ મેરિટ | 2020 | અમેરિકા |
| 3 | ગ્લોબલ ગોલકીપર એવોર્ડ | 2019 | બીલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન |
| 4 | ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા | 2019 | બહેરિન |
| 5 | ઓર્ડર ઓફ ઝાયેદ | 2019 | UAE |
| 6 | ફિલિપ કોટલર પુરસ્કાર | 2019 | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 7 | ઓર્ડર ઓફ સેન્ટર એન્ડ્ર્યુ ધ એપોસ્ટલ | 2019 | રશિયા |
| 8 | ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્યુશ્ડ રૂલ ઓફ ઈઝઝુદીન | 2019 | માલદિવ |
| 9 | સીયોલ શાંતિ પુરસ્કાર | 2018 | દક્ષિણ કોરિયા |
| 10 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર | 2018 | યુનાઈટેડ નેશન્સ |
| 11 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર | 2018 | પેલેસ્ટાઈન |
| 12 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર | 2016 | અફઘાનિસ્તાન |
| 13 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર | 2016 | સાઉદી અરેબિયા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સુમન બેરી નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ બન્યા



તાજેતરમાં શ્રી રાજીવ કુમારે તેમના પદ પરથી રાજીનામુ આપ્યા બાદ કેન્દ્ર સરકારે અર્થશાસ્ત્રી શ્રી સુમન બેરીને નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

- શ્રી સુમન બેરીને પહેલા નીતિ આયોગના સંપૂર્ણ સમયના સભ્ય તરીકે અને બાદમાં ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- તેઓ 1 મે, 2022થી આ પદ સંભાળશે.
- શ્રી સુમન બેરીએ 2001થી 2011 સુધીના 10 વર્ષના સમયગાળા માટે નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ (NCAER)ના ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી હતી.
- તેઓ સેન્ટર ફોર પોલિસી રિસર્ચ, દિલ્હીમાં સિનિયર વિઝિટિંગ ફેલો અને વોશિંગ્ટન ડિસીમાં વુડ્રો વિલ્સન ઈન્ટરનેશનલ સેન્ટર ફોર સ્કોલર્સ પ્રોગ્રામમાં ગ્લોબલ ફેલો પણ રહી ચૂક્યા છે.

- વધુમાં તેઓ બ્રસેલ્સ સ્થિત આર્થિક નીતિ સંશોધન સંસ્થા બ્રુગેલના બિન–નિવાસી ફેલો છે.
- તેમણે સ્ટેટિક કમિશન ઓફ ઈન્ડિયા, વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ અને નાણાકીય નીતિ પર ભારતીય રિઝર્વ બેંકની ટેકનિકલ સલાહકાર સમિતિના સભ્ય તરીકે સેવા આપી છે.

નોંધઃ (1) NITI આયોગનું પૂરું નામ 'National Institution for Transforming India' છે, તેને ટૂંકમાં NITI આયોગ તરીકે ઓળખવામાં આવે છે.

(2) ભારતમાં 1 જાન્યુઆરી, 2015થી આયોજન પંચના સ્થાને નીતિ આયોગની સ્થાપના કરવામાં આવી હતી.

(3) નીતિ આયોગ બંધારણીય કે વૈધાનિક સંસ્થા નથી, પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળના આદેશ દ્વારા નિર્મિત એક ગેરબંધારણીય કારોબારી સંસ્થા છે.

(4) નીતિ આયોગ એ ભારત સરકારની 'થિંક ટેંક' (Think Tank) છે. જે નીતિગત અને દિશાસૂચક એમ બંને પ્રકારના કાર્યો કરે છે.




1. 'વિશ્વ મેલેરિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ

(C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ (D)

2. વર્ષ 2022ના 'વિશ્વ મેલેરિયા દિવસ'ની થીમ શું છે ?

(A) Zero Malaria starts with me

(B) End malaria for Good

(C) Ready to beat malaria

(D) Harness Inovation to reduce the malaria disease burden and save lives (D)

3. મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?

(A) એડિસ (B) એલ્ફોન્ઝા

(C) એફલિસ (D) એનોફિલિસ (D)

4. મેલેરિયાને લીધે વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા પ્લાઝમોડિયમને કારણે થાય છે ?

(A) વિવેક્ષ (B) ઓવેલ

(C) ફાલ્સીપેરમ (D) સિફિલસ (C)

5. તાજેતરમાં પ્રથમ 'લતા દીનાનાથ મંગેશ્કર એવોર્ડ' (Lata Deenanath Mangeskar Award) કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી અમિતાભ બચ્ચન

(C) શ્રી ઉદ્ધવ ઠાકરે (D) શ્રી અમિતભાઈ શાહ (A)

6. તાજેતરમાં કેન્દ્ર સરકારે નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરી છે ?

(A) શ્રી રાજીવ શુક્લા (B) શ્રી સુમન બેરી

(C) શ્રી વરૂણ પાંડે (D) શ્રી મોહન દુબેરાય (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day)



આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપદાના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 26 એપ્રિલની તારીખ વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ તરીકે ઉજવવા માટે એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે આ દિવસે 'વિશ્વ બૌદ્ધિક સંપદા સંસ્થાની સ્થાપના માટેનું સંમેલન' અમલમાં આવ્યું હતું.
- વર્ષ 2022ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ 'IP and youth : Innovating for a Better Future' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ : ઉર્જા પ્રવાહ




ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ 'ઉર્જા પ્રવાહ' (Urja Pravaha)ને ગુજરાતના ભરૂચ ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે.

- ઉર્જા પ્રવાહમાં 1.85 મીટરનો ડ્રાફ્ટ છે અને તે 36.96 મીટર લાંબો છે.
- તે અનુક્રમે 10 ટન, 50 ટન અને 40 ટનની ક્ષમતાની કેટેગરી સાથે કાર્ગો ઉડ્ડયન ઈંધણ, જહાજના ઈંધણ અને તાજા પાણી માટે રચાયેલ છે.
- આ નવું જહાજ કોસ્ટ ગાર્ડ જહાજોને લોજિસ્ટિક સપોર્ટ પ્રદાન કરીને ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)ની કામગીરી વધારવામાં મદદ કરશે, જે દૂરના વિસ્તારોમાં ફરજોના વિવિધ ચાર્ટર ચલાવવા માટે દરિયામાં તૈનાત છે.
- ઉર્જા પ્રવાહ ભારતીય કોસ્ટ ગાર્ડની ઓપરેશનલ ક્ષમતાને પણ શ્રેષ્ઠ બનાવશે.

# ચીન અને સોલોમન ટાપુઓએ સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા




તાજેતરમાં ચીન અને સોલોમન ટાપુઓ વચ્ચે સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- સોલોમન ટાપુઓ સાથે વર્તમાન સહકાર વ્યવસ્થાને વધારવા માટે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- સોલોમન ટાપુઓના વડાપ્રધાન શ્રી મનસેહ સોગાવરેએ જણાવ્યું હતું કે રાષ્ટ્રમાં સુરક્ષા ચિંતાઓને સુધારવા માટે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરારની જાહેરાત સાથે આ કરારની અસરો વિશે ચિંતા વધી રહી છે કારણ કે તે ચીનને આ દક્ષિણ પેસિફિક ક્ષેત્રમાં પણ જમાવવામાં મદદ કરે છે.
- કરારની વિગતો જાહેર કરવામાં આવી નથી પરંતુ લીક થયેલા ડ્રાફ્ટમાં સૂચવવામાં આવ્યું છે કે સામાજિક વ્યવસ્થા જાળવવા અને ચીની યુદ્ધ જહાજો સોલોમન ટાપુઓ પર રોકી શકે તે માટે દ્વીપસમૂહની વિનંતી પર ચીની પોલીસ તૈનાત કરવામાં આવશે.
- આ ઉપરાંત કરારની વિગતો જાહેર કરવા માટે બંને પક્ષોને એક બીજાની લેખિત સંમિતિની જરૂર પડશે.

નોંધ: (1) ઓસ્ટ્રેલિયા આ સોદાની સૌથી વધુ ટીકાકાર છે કારણ કે તેની પાસે 2017થી સોલોમન ટાપુઓ સાથે સુરક્ષા કરાર છે.

(2) અમેરિકા અને ન્યુઝીલેન્ડ જેવા અન્ય દેશોએ પણ ચિંતા વ્યક્ત કરી છે.

(3) અમેરિકાએ સોલોમન ટાપુઓની રાજધાની હોનિયારામાં તાજેતરમાં તેમનું દુતાવાસ ખોલવાની જાહેરાત કરી હતી.

## સોલોમન ટાપુઓ

સોલોમન ટાપુઓ એક સાર્વભૌમ દેશ છે જેમાં છ મોટા ટાપુઓ અને 900થી વધુ નાના ટાપુઓનો સમાવેશ થાય છે.

- તે ટાપુઓ ન્યુ ગિનીની પૂર્વમાં અને વનુઆતુના ઉત્તરપશ્ચિમમાં આવેલ છે.
- તે જવાળામુખી ટાપુઓ અને એટોલ્સની બેવડી સાંકળ ધરાવે છે.
- તેની રાજધાની હોનિયારા છે. જે ગુઆડાલકેનાલ ટાપુ પર સ્થિત છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ

(C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ (C)

2. વર્ષ 2022ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ શું છે ?

(A) Innovate for a Green Future

(B) Innovation - Improving Lives

(C) Green Innovation

(D) IP and youth : Innovating for a Better Future (D)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઉર્જા પ્રવાહ' (Urja Pravaha) શું છે ?

(A) ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ

(B) મહારાષ્ટ્ર રાજ્યની વીજળી સંબંધિત યોજના

(C) ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનો વીજળી કરાર

(D) વિશાખાપટ્ટનમમાં યોજાયેલ નૌકાદળનો અભ્યાસ (A)

4. ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ 'ઉર્જા પ્રવાહ'ને............ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે.

(A) ભરૂચ (B) વેરાવળ

(C) પોરબંદર (D) જામનગર (A)

5. તાજેતરમાં સોલોમન ટાપુઓએ કયા દેશ સાથે સુરક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

(A) જાપાન (B) અમેરિકા

(C) ચીન (D) રશિયા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો ત્રીજો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (Stockholm International Peace Research Institute-SIPRI) એ તાજેતરમાં તેનો 'Trends in world Military Expenditure' રિપોર્ટ બહાર પાડયો છે.

- વિશ્વ લશ્કરી ખર્ચ અંગેના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા અને ચીન પછી ભારત વિશ્વમાં ત્રીજું સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનાર દેશ છે.
- વૈશ્વિક સંરક્ષણ ખર્ચ 2021માં સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો અને COVID-19 મહામારી હોવા છતાં 2.1 ટ્રિલિયન ડોલર રહ્યો હતો.
- અમેરિકા, ચીન, ભારત, બ્રિટન અને રશિયા 2021માં સૌથી વધુ સૈન્ય ખર્ચ કરનારા પાંચ દેશોમાં સામેલ હતા.
- તેઓએ તેમના લશ્કરી ક્ષેત્રમાં કુલ વૈશ્વિક લશ્કરી ખર્ચના 62 ટકા ખર્ચ કર્યા છે, જેમાંથી યુએસ અને ચીને જ 52% ખર્ચ કર્યા છે.
- આ રિપોર્ટ અનુસાર ચીનનો સૈન્ય ખર્ચ સતત 27માં વર્ષે વધ્યો છે.
- પૂર્વ અને દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની વધતી હાજરી જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં સૈન્ય ખર્ચનું મુખ્ય કારણ બની ગયું છે.
- રશિયાએ પણ સળંગ ત્રીજા વર્ષે તેના લશ્કરી ખર્ચમાં વધારો કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત વિશેના મુખ્ય તથ્યો

SIPRI દ્વારા બહાર પાડવામાં આવેલા આ ડેટા અનુસાર 2021માં ભારતનો સૈન્ય ખર્ચ 76.6 બિલિયન (અબજ) ડોલર હતો.

- જે વર્ષ 2020 કરતા 0.9% અને વર્ષ 2012 કરતાં 33% વધુ હતો.
- ચીન અને પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ અને કયારેક સશસ્ત્ર સંઘર્ષમાં પરિવર્તિત થતાં સરહદી વિવાદો વચ્ચે ભારતે તેના સશસ્ત્ર દળોના આધુનિકીકરણ અને શસ્ત્રોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતાને પ્રાથમિકતા આપી છે.
- સ્વદેશી શસ્ત્રો ઉદ્યોગને મજબૂત કરવાના સંદર્ભમાં વર્ષ 2021ના ભારતીય લશ્કરી બજેટમાં સ્થાનિક રીતે ઉત્પાદિત શસ્ત્રોના સંપાદન માટે મૂડી ખર્ચના 64% ફાળવવામાં આવ્યા છે.

## વર્ષ 2021માં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરનારા ટોપ 5 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | ચીન |
| 3 | ભારત |
| 4 | યુનાઈટેડ કિંગ્ડમ |
| 5 | રશિયા |

## SIPRI વિશે

SIPRIનું પૂરું નામ 'Stockholm International Peace Research Institute' છે.

- SIPRI એ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે સંઘર્ષ, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિ:શસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.
- તેની સ્થાપના 6 મે, 1966ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી એલોન મસ્કે Twitterને 44 બિલિયન ડોલરમાં ખરીદ્યું



તાજેતરમાં Twitter એ જાહેરાત કરી છે કે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ શ્રી એલોન મસ્કે સોશિયલ મીડિયા કંપની Twitterને 44 બિલિયન ડોલર (અથવા 44 અબજ ડોલર)માં ખરીદી છે.

- શ્રી એલોન મસ્કની મૂળ ઓફરને અનુરૂપ શેરધારકોને તેમની માલિકીના Twitter સ્ટોકના પ્રત્યેક શેર માટે 54.20 ડોલર રોકડમાં મળશે.
- 14 એપ્રિલ, 2022ના રોજ શ્રી એલોન મસ્કે Twitter હસ્તગત કરવાની જાહેરાત કરી હતી.
- તેઓ Twitterને ખાનગી સંસ્થા બનાવવાની યોજના ધરાવે છે.
- તેઓ Twitter એટલે ખરીદવા માંગે છે કારણ કે તે પ્લેટફોર્મનો ઉપયોગ મુક્ત ભાષણ માટે એક મિકેનિઝમ તરીકે કરવા માંગે છે.
- આ યોજના ડિજિટલ પ્લેટફોર્મને વધુ અગ્રણી સ્થાન બનાવવાની છે જ્યાં વ્યક્તિ કોઈપણ વિષય પર મુક્તપણે ચર્ચા કરી શકે છે.

## Twitter વિશે

**Twitter એ અમેરિકન <u>માઈક્રોબ્લોગિંગ</u> અને <u>સોશિયલ નેટવર્કિંગ</u> સેવા છે.**

- આ પ્લેટફોર્મ દ્વારા વપરાશકર્તાઓ **<u>Tweets</u>** તરીકે ઓળખાતા સંદેશાઓ પોસ્ટ કરે છે અને તેની સાથે વાર્તાલાપ કરે છે.
- રજિસ્ટર્ડ યુઝર્સ ટવીટ પોસ્ટ, લાઈક અને રીટવીટ કરી શકે છે.
- તથા રજિસ્ટર્ડ વગરના વપરાશકર્તાઓ ફક્ત તે પોસ્ટ વાંચી શકે છે.
- આ સેવા વર્તમાન **<u>Twitter Inc</u>** દ્વારા પૂરી પાડવામાં આવે છે, જે <u>સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા</u> સ્થિત કોર્પોરેશન છે.
- તેની વિશ્વભરમાં <u>25</u>થી વધુ ઓફિસ છે.
- **Twitter** <u>માર્ચ 2006</u>માં <u>જેક ડોર્સી</u>, <u>નોહ ગ્લાસ</u>, <u>બિઝ સ્ટોન</u> અને <u>ઈવાન વિલિયમ્સ</u> દ્વારા બનાવવામાં આવ્યું હતું અને <u>જુલાઈ 2006</u>માં તેને લોન્ચ કરવામાં આવ્યું હતું.

## શ્રી એલોન મસ્ક




શ્રી એલોન મસ્કનો જન્મ <u>28 જૂન, 1971</u>ના રોજ દક્ષિણ આફ્રિકાના <u>પ્રિટોરિયા</u>માં થયો હતો.

- તેમનું પૂરું નામ <u>શ્રી એલોન રીવ મસ્ક</u> છે.
- તેઓ ઉદ્યોગ સાહસિક, રોકાણકાર અને બિઝનેસ મેગ્નેટ છે.
- તેઓ **SpaceX**ના સ્થાપક, **CEO** અને ચીફ એન્જિનિયર છે.
- તથા **Tesla Inc**ના **CEO** અને ધ બોરિંગ કંપની સ્થાપક છે.
- આ ઉપરાંત તેઓ ન્યુરાલિંકના **CEO**, સોલારસિટીના ચેરમેન અને **OpenAI**ના ચેરમેન છે.
- તેઓ દક્ષિણ આફ્રિકા, કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સનું નાગરિકત્વ ધરાવે છે.

GPSC, PSI/ASI, બિનસચિવાલય, તલાટી મંત્રી, TET-TAT વગેરે વર્ગ-૩ની ભરતીઓ માટે ઉપયોગી પુસ્તક
ગુજરાતી વ્યાકરણ
LATEST EDITION 2021
NOW AVAILABLE

## ભારતની પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત : પલ્લી




રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે જમ્મુના સાંબા જિલ્લાની પલ્લી પંચાયત સંપૂર્ણ સૌર ઉર્જાથી ચાલતી દેશની પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત બની છે.


- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ કાર્બન ન્યુટ્રલ પંચાયતમાં 500 કિલોવોટના સોલાર પ્લાન્ટનું ઉદ્દઘાટન કર્યુ હતું.
- આ ઉદ્દઘાટન સાથે પલ્લી ગ્રામ પંચાયત કાર્બન–ન્યુટ્રલ બનનાર દેશની પ્રથમ પંચાયત બની છે.
- ત્રણ અઠવાડિયાના રેકોર્ડ સમયમાં પલ્લીમાં 500 KWનો સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો હતો.
- પલ્લી ગામ ઊર્જા સ્વરાજનું ઉત્તમ ઉદાહરણ છે.
- દેશને કાર્બન–તટસ્થ બનાવવાના ગ્લાસગોના ધ્યેય તરફ પલ્લીએ એક મોટું પગલું ભર્યુ છે.
- પલ્લી હવે એક મોડેલ પંચાયત તરીકે જોવામાં આવશે અને જમ્મુ કાશ્મીર અને સમગ્ર ભારતની અન્ય પંચાયતોને કાર્બન–તટસ્થ માટે પ્રેરણા આપશે.
- કુલ 6,408 ચોરસ મીટરના વિસ્તારને આવરી લેતા પલ્લીમાં 1500 સોલાર પેનલ લગાવવામાં આવી છે.
- આ સોલાર પેનલો પંચાયતમાં સ્થિત 340 ઘરોને સ્વચ્છ વીજળી પૂરી પાડશે.
- ઉત્પાદિત વીજળી સ્થાનિક પાવર ગ્રીડ સ્ટેશન દ્વારા વિતરિત કરવામાં આવશે.

નોંધ: (1) કાર્બન ન્યુટ્રલ એ શૂન્ય કાર્બન ડાયોક્સાઈડ પ્રાપ્ત કરવાનો સંદર્ભ આપે છે.

(2) તે કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને સંતુલિત કરીને કે તેમને દૂર કરીને અથવા ઉત્સર્જન દૂર કરીને પ્રાપ્ત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

તર્કશક્તિ
GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, ક્લાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE



# 'દૂધ વાણી' સામુદાયિક રેડિયો સ્ટેશનનું ઉદ્ઘાટન



તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન દૂધ વાણી નામના સામુદાયિક રેડિયો સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યુ છે જે પશુપાલનને સમર્પિત છે.

- બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા બનાસ ડેરી સામુદાયિક રેડિયો સ્ટેશનની સ્થાપના કરવામાં આવી છે જે બનાસ ડેરી તરીકે પણ ઓળખાય છે.
- આ રેડિયો સ્ટેશન સમગ્ર ગુજરાતમાં 1700 સમુદાયોમાં લગભગ પાંચ લાખ ડેરી ઉત્પાદકોને જોડશે.
- તે દેશનું પ્રથમ સામુદાયિક રેડિયો સ્ટેશન છે જે સંપૂર્ણપણે પશુપાલકોને સમર્પિત છે.
- ઓલ ઈન્ડિયા સાથે મળીને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) એ દેશના ડેરી ખેડૂતોને સમર્પિત દ્વિ–સાપ્તાહિક પોડકાસ્ટ શ્રેણી છે.
- દૂધવાણી સામુદાયિક રેડિયો સ્ટેશનની સ્થાપના ખેડૂતોને પશુપાલન અને ખેતી સાથે સંબંધિત જરૂરી વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી છે.

## બનાસ ડેરી



બનાસ ડેરીની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.

- તે ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ ફેડરેશનનો એક વિભાગ છે જે ગુજરાત સરકારના સહકારી મંત્રાલયની માલિકીની છે.
- તેનું મુખ્ય મથક બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલું છે.
- બનાસ ડેરીની સ્થાપનામાં શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલનો મુખ્ય ફાળો હતો.
- બનાસ ડેરી દૂધ ઉત્પાદન, માખણ, ઘી, દૂધનો પાવડર, ચા, પેંડા વગેરેનું ઉત્પાદન કરે છે.

**નોંધ :** બનાસ ડેરીના વર્તમાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનો કેટલામો સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ છે ?

(A) પ્રથમ (B) બીજો
(C) ત્રીજો (D) ચોથો (C)

2. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર સૌથી વધુ સૈન્ય ખર્ચ કરતો દેશ કયો છે ?

(A) અમેરિકા (B) ચીન
(C) ઈઝરાયલ (D) રશિયા (A)

3. SIPRIના રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં વિશ્વમાં સૌથી વધુ લશ્કરી ખર્ચ કરતા પ્રથમ પાંચ દેશનો સાચો ક્રમ કયો છે ?

(A) અમેરિકા, ચીન, ભારત, યુનાઈટેડ કિંગ્ડમ, રશિયા
(B) અમેરિકા, ચીન, ભારત, રશિયા, ફ્રાન્સ
(C) અમેરિકા, ચીન, ભારત, રશિયા, જર્મની
(D) અમેરિકા, ચીન, ભારત, યુ.એઈ, જાપાન (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં શ્રી એલોન મસ્કે કઈ સોશિયલ મીડિયા કંપની 44 બિલિયન ડોલરમાં ખરીદી છે ?

(A) WhatsApp (B) Snapchat
(C) Twitter (D) Facebook (C)

5. તાજેતરમાં ભારતની કઈ પંચાયત ભારતની પ્રથમ ‘કાર્બન ન્યુટ્રલ પંચાયત’ બની છે ?


(A) પલ્લી, જમ્મુ (B) બરંડા, કચ્છ
(C) દેવળીયા, જોધપુર (D) ખડગપુર, લખનૌ (A)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન ‘દૂધ વાણી’નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ‘દૂધ વાણી’ શું છે ?

(A) મીઠાઈનો પ્લાન્ટ (B) સામુદાયિક રેડિયો સ્ટેશન
(C) પાલનપુરનું રેલવે સ્ટેશન (D) દૂધ પાવડર પ્લાન્ટ (B)

## દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at work)

## પર્સિવરેન્સ રોવર દ્વારા લેવામાં આવેલી મંગળ પર ગ્રહણની તસ્વીરો



તાજેતરમાં NASAના પર્સિવરેન્સ રોવરે મંગળ ગ્રહ પર સૂર્યગ્રહણની તસ્વીરો લીધી હતી.

- પર્સિવરેન્સ રોવરે મંગળના બે ચંદ્રમાં (ઉપગ્રહ)ના એક ફોબસ પર ગ્રહણની અસરો દર્શાવતા ફોટા લીધા હતા.
- ફોબોસ મંગળ તરફ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે અને આજથી લાખો વર્ષ પછી ટકરાશે.
- આ અવલોકનો વૈજ્ઞાનિકોને ચંદ્રની ભ્રમણકક્ષાને વધુ સારી રીતે સમજવામાં મદદ કરી શકે છે અને તેનું ગુરુત્વાકર્ષણ તેને મંગળની સપાટી તરફ કેવી રીતે આકર્ષે છે અને આખરે લાલ ગ્રહના પોપડા અને આવરણને આકાર આપે છે તે જાણવામાં મદદ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પર્સિવરેન્સ રોવર વિશે

પર્સિવરેન્સ અથવા પર્સેવરન્સ રોવર (Perseverance Rover) એ અત્યંત અદ્યતન, ખર્ચાળ અને અત્યાધુનિક ગતિમાન પ્રયોગશાળા છે જે મંગળ પર મોકલવામાં આવી છે.

- તે ખગોળીય વિજ્ઞાનનું એક મિશન છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ મંગળગ્રહમાં પ્રાચીન સૂક્ષ્મજીવાણુ જીવનના અવશેષો શોધવાનો છે.
- મંગળના ખડક, તૂટેલા ખડક અને ધૂળને એકત્રિત કરવા માટેનું આ પ્રથમ મિશન છે.
- તે નાસાના 'માર્સ 2020 મિશન'નું કેન્દ્ર સ્થાન છે, જેમાં નાના રોબોટિક અને કોએક્સિયલ હેલિકોપ્ટર ઈન્જેન્યુટીનો પણ સમાવેશ થાય છે.
- આ રોવરમાં સાત પેલોડ ઈન્સ્ટુમેન્ટ્સ, બે માઈક્રોફોન અને 19 કેમેરા છે.
- આ રોવર મંગળની જમીન પર ડ્રિલિંગ કરશે અને મંગળ ખડકોના મુખ્ય નમુના એકત્રિત કરશે.

## માર્સ 2020 મિશન

માર્સ 2020 અથવા મંગળ 2020 મિશન 30 જુલાઈ, 2020ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશન નાસાના મંગળ સંશોધન કાર્યક્રમનો એક ભાગ છે.
- મંગળ 2020 મિશનને 'એટલાસ વી લોન્ચ વ્હીકલ' (અથવા એટલાસ વી 541) નામના રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન અંતર્ગત મંગળ પર અભ્યાસ કરવા માટે પર્સિવેરન્સ રોવર અને ઈન્જેન્યુટી નામનું નાનકડુ હોલિકોપ્ટર પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- 18 ફેબ્રુઆરી, 2021ના રોજ આ રોવરે મંગળ પર ઉતરાણ કર્યુ હતું.

નોંધ: (1) આ મિશન વર્ષ 2020માં મંગળ ગ્રહ માટે શરૂ કરાયેલ ત્રણ મિશનમાંનું એક છે.

(2) વર્ષ 2020માં શરૂ કરાયેલ ત્રણ મંગળ મિશન આ મુજબ છે : (1) માર્સ 2020 મિશન - USA (NASA), (2) તીયાનવેન-1 મિશન–ચીન અને (3) હોપ ઓર્બિટર–યુ.એ.ઈ.

(3) મંગળ ગ્રહના બે ઉપગ્રહ (ચંદ્રમા) છે. ફોબોસ અને ડીમોસ

## ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાર જિલ્લામાં ચિનાબ નદી પર 540 મેગાવોટના ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટને મંજૂરી આપી છે.



## ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ

તે સિંધુ બેસિનનો એક ભાગ છે અને તે જિલ્લામાં આવનારા ઓછામાં ઓછા ચાર પ્રોજેક્ટમાંથી એક હશે, તેમાં 1000 મેગાવોટ પાકલ દુલ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ અને 624 મેગાવોટ કિરુ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

- ક્વાર પ્રોજેક્ટને નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ (NHPC) લિમિટેડ અને જમ્મુ અને કાશ્મીર સ્ટેટ પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન (JKSPDC) વચ્ચેની સંયુક્ત સાહસ કંપની, ચિનાબ વેલી પાવર પ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ (CVPPL) દ્વારા અમલમાં મૂકવામાં આવશે.
- આ પ્રોજેક્ટ 90% નિર્ભરતા સાથે 1975.54 મિલિયન યુનિટ જનરેટ કરે તેવી અપેક્ષા છે.
- પ્રોજેક્ટના નિર્માણ કાર્યના પરિણામે લગભગ 2500 લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચિનાબ નદી વિશે

આ નદી <u>સિંધુની</u> સૌથી મોટી સહાયક નદી છે.

- આ નદીનું ઉદ્ગમ હિમાચલ પ્રદેશની ઝાસ્કર શ્રેણીના <u>લાહુલ અને સ્પીતિ</u>ની ખીણમાં બારાચાલા ઘાટની બંને તરફ વહેનારી <u>ચંદ્ર</u> અને <u>ભાગા</u> નદીઓના સંગમથી થાય છે.
- આ બંને નદીઓ હિમાચલ પ્રદેશમાં કેલાંગની નજીક તાંડીમાં મળે છે. આથી તેને ચંદ્રભાગા નામથી પણ ઓળખવામાં આવે છે.
- ચિનાબ અખનુર નજીક જમ્મુ કાશ્મીરના મેદાની વિસ્તારમાં પ્રવેશે છે.
- આ નદીના કિનારે <u>કિશ્તવાર</u> જિલ્લો આવેલ છે. (જમ્મુ કાશ્મીર)
- આ નદી પર સાલલ ડેમ, બગલીહાર ડેમ, દુલહસ્તી જળવિદ્યુત મથક, રાટલે જળવિદ્યુત મથક આવેલ છે.
- <u>મારુસદર</u> નદી ચિનાબની સહાયક નદી છે.
- આ નદી ભારતના હિમાચલ પ્રદેશ તથા જમ્મુ કાશ્મીરમાંથી વહે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 એપ્રિલ (B) 27 એપ્રિલ

(C) 28 એપ્રિલ (D) 29 એપ્રિલ (C)

2. તાજેતરમાં NASAના કયા રોવરે મંગળગ્રહ પર સૂર્યગ્રહણની તસ્વીરો લીધી છે ?

(A) Perseverance Rover (B) Pancam Rover

(C) Supercam Rover (D) Lunar Rover (A)

3. તાજેતરમાં NASAના પર્સિવરેન્સ રોવરે મંગળગ્રહ પર સૂર્યગ્રહણની તસ્વીરો લીધી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રોવરે મંગળ ગ્રહના ફોબોસ ઉપગ્રહ પર ગ્રહણની અસરો દર્શાવતા ફોટા લીધા હતા.

2. પર્સિવરેન્સ રોવર NASAના માર્સ મિશન 2020નો એક ભાગ છે.

3. જુલાઈ, 2018માં તેમને એટલાસ વી લોન્ચ વ્હીકલ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 (D)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ' કઈ નદી પર આવેલ છે ?

(A) ચિનાબ (B) તિસ્તા

(C) રાવી (D) યમુના (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day)

## બ્રહ્મોસ મિસાઈલનું એન્ટી શિપ વર્ઝન




તાજેતરમાં ભારતીય નૌકાદળ અને આંદામાન અને નિકોબાર કમાન્ડ દ્વારા બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના એન્ટિ–શિપ સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- આંદામાન અને નિકોબાર કમાન્ડ એ ભારતીય સશસ્ત્ર દળોની એકમાત્ર ત્રિ–સેવા કમાન્ડ છે.

### બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે.
- તે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટ્સ'ના સિદ્ધાંત પર કામ કરે છે. એટલે કે તેને લોન્ચ કર્યા પછી માર્ગદર્શનની જરૂર નથી.
- તે બે તબક્કાવાળી (પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ) મિસાઈલ છે.
- બ્રહ્મોસ મિસાઈલ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી એક છે.
- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના **NPO Mashinostroyeniya** અને ભારતના **DRDO** વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઈલ હાલમાં મેક 2.8ની ઝડપે કામ કરે છે, જે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.

**નોંધ :** આ પહેલા 19 એપ્રિલના રોજ સુખોઈ-30 MKI પરથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ઉન્નત ભારત અભિયાન 2.0 (Unnat Bharat Abhiyan 2.0)

તાજેતરમાં 25 એપ્રિલ, 2022ના રોજ 'ઉન્નત ભારત અભિયાન 2.0' (UBA 2.0)એ સફળતાપૂર્વક ચાર વર્ષ પૂર્ણ કર્યા છે.

- વર્ષ 2018માં આ દિવસે ઉન્નત ભારત અભિયાન 2.0 ગ્રામીણ વિકાસ પ્રક્રિયાઓમાં પરિવર્તનશીલ પરિવર્તન લાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉન્નત ભારત અભિયાન

ઉન્નત ભારત અભિયાન વર્ષ 2014માં શિક્ષણ મંત્રાલય દ્વારા ઔપચારિક રીતે શરૂ કરવામાં આવ્યું હતું.

- તેનો ઉદ્દેશ દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ઓછામાં ઓછા પાંચ ગામો સાથે જોડવાનો છે.
- જેથી આ ઉચ્ચ સંસ્થાઓ સામાજિક અને સામાજિક કાર્યોમાં યોગદાન આપી શકે.
- ઉન્નત ભારત અભિયાન 2.0 (UBA 2.0) એ ઉન્નત ભારત અભિયાન 1.0નું સુધારેલુ સંસ્કરણ છે અને તે વર્ષ 2018માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- UBA 1.0માં સહભાગી સંસ્થાઓને યોજનાનો ભાગ બનવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા જ્યારે UBA 2.0માં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ ઓછામાં ઓછા 5 ગામોને સ્વૈચ્છિક રીતે દત્તક લેવા જરૂરી હતા.
- ઉન્નત ભારત અભિયાન કાર્યક્રમની રાષ્ટ્રીય સંકલન સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, દિલ્હી (IIT, દિલ્હી) છે.

## રશિયાએ UNWTO સભ્યપદ છોડવાની જાહેરાત કરી

સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન (UNWTO)એ જાહેરાત કરી છે કે રશિયાએ UNWTOમાંથી અલગ થઈ જવાનો નિર્ણય લીધો છે.

- UNWTOના સેક્રેટરી જનરલ શ્રી ઝુરાબ પોલોલિકાશ્વિલી (Zurab Pololikashvili) દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.
- UNWTO અનુસાર રશિયાએ યુક્રેન સામેના યુદ્ધ માટે રશિયાને સસ્પેન્ડ કરવાનો મત આપ્યો તે પહેલા જ રશિયાએ સંગઠનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે.
- UNWTOએ અગાઉ યુક્રેન વિરુદ્ધ રશિયન આક્રમણને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર સાથે અસંગત અને UNWTOના મૂળભૂત હેતુની વિરુદ્ધ ગણાવ્યું હતું.
- આવું પ્રથમ વખત છે જ્યારે UNWTO તેના કોઈપણ સભ્ય દેશોના સસ્પેન્શન અંગે ચર્ચા કરવા માટે બેઠક કરી છે.

## UNWTO

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરીઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) એ સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ એજન્સી છે.

- જેને ટકાઉ, જવાબદાર અને સાર્વત્રિક રીતે સુલભ પર્યટનના પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે.
- તેની સ્થાપના 1 નવેમ્બર, 1975ના રોજ કરવામાં આવી હતી.
- તેનું વડું મથક સ્પેનના મેડ્રિડમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ડાન્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 એપ્રિલ (B) 28 એપ્રિલ

(C) 29 એપ્રિલ (D) 30 એપ્રિલ (C)

2. તાજેતરમાં ભારતીય નૌકાદળ અને..............દ્વારા બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના એન્ટિ–શિપ સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(A) આંદામાન અને નિકોબાર કમાન્ડ (B) ભારત હેવી ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ

(C) ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (D) જમ્મુ અને કાશ્મીર કમાન્ડ (A)

3. તાજેતરમાં ઉન્નત ભારત અભિયાન 2.0 (Unnat Bharat Abhiyan 2.0)એ સફળતાપૂર્વક કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) પાંચ (C)

4. તાજેતરમાં રશિયાએ UNWTOમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. આ UNWTO સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ એજન્સી છે.
2. જેને ટકાઉ, જવાબદાર અને સાર્વત્રિક રીતે સુલભ પર્યટનના પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે.
3. તેનું વડું મથક સ્પેનના મેડ્રિડમાં આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 એપ્રિલ, આયુષ્માન ભારત દિવસ (Ayushman Bharat Diwas)

દર વર્ષે ભારતમાં 30 એપ્રિલના રોજ 'આયુષ્માન ભારત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આયુષ્માન ભારત દિવસ બે લક્ષ્યો હાંસલ કરવા માટે ઉજવવામાં આવે છે.
- તેનો હેતુ ગરીબોના સ્વાસ્થ્ય અને કલ્યાણને પ્રોત્સાહન આપવા અને તેમને વીમા લાભો આપવાનો છે.
- આ યોજના એપ્રિલ, 2018માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરી હતી.
- તે ભારત સરકારની મુખ્ય યોજના છે જે યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)ના લક્ષ્યને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે 'રાષ્ટ્રીય આરોગ્ય નીતિ' (2017) હેઠળ કરવામાં આવેલી ભલામણોના આધારે શરૂ કરવામાં આવી હતી.

## મેન્થોલ સિગારેટ અને ફ્લેવર્ડ સિગાર પર પ્રતિબંધ




તાજેતરમાં 'યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન'એ 'મેન્થોલ સિગારેટ' અને 'ફ્લેવર્ડ સિગાર' (સ્વાદવાળી સિગાર) પર પ્રતિબંધ મુકવાનો પ્રસ્તાવ જારી કર્યો હતો.

- નોંધનીય છે કે ભારતે મેન્થોલ સિગારેટના વેચાણ પર પ્રતિબંધ મુક્યો નથી.
- વર્ષ 2012માં બ્રાઝિલ મેન્થોલ સિગારેટ પર પ્રતિબંધ મૂકનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.
- વર્ષ 2019માં ભારત સરકારે ઈ–સિગારેટ પર પ્રતિબંધ મુક્યો હતો.
- આ સિવાય વિવિધ રાજ્યોએ જાહેર સ્થળોએ ફ્લેવર્ડ હુક્કા સહિત હુક્કાના સેવન પર પ્રતિબંધો મુક્યા હતા.

### સૂચિત નિયમો વિશે

તેનો હેતુ સિગારેટમાં મેન્થોલને એક વિશિષ્ટ ફ્લેવર (સ્વાદ) તરીકે પ્રતિબંધિત કરવાનો અને સિગારના તમામ ચોક્કસ ફ્લેવર (તમાકુ સિવાય) પર પ્રતિબંધ મૂકવાનો છે.

- આ સૂચિત નિયમો બાળકોને ધૂમ્રપાન કરનાર આગામી પેઢીને અટકાવવામાં મદદ કરશે અને પુખ્ત વયના લોકોને ધૂમ્રપાન છોડવામાં મદદ કરશે.
- સૂચિત નિયમો તમાકુ–સંબંધિત સ્વાસ્થ્ય અસમાનતાઓને ઘટાડીને આરોગ્ય સમાનતાને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું રજૂ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સૂચિત પ્રતિબંધોમાં ઈલેક્ટ્રોનિક સિગારેટનો સમાવેશ થતો નથી.
- આ નિયમો મેન્થોલ સિગારેટ અથવા ફ્લેવર્ડ સિગાર અથવા તેનો ઉપયોગ કરવાના કિસ્સામાં વ્યક્તિગત ગ્રાહકો સામે લાગુ થશે નહીં.
- નિયમો ફક્ત "ઉત્પાદકો, વિતરકો, જથ્થાબંધ વિક્રેતાઓ, આયાતકારો અને છૂટક વિક્રેતાઓ કે જેઓ આવા ઉત્પાદનોનું ઉત્પાદન વિતરણ અથવા વેચાણ કરે છે" તેને લાગુ પડે છે.

## મેન્થોલ સિગારેટ શું છે ?

મેન્થોલ સિગારેટમાં મેન્થોલનો સ્વાદ હોય છે, જે ત્વચામાં ઠંડા–સંવેદનશીલ ચેતાને ઉતેજિત કરે છે.


- મેન્થોલ તેના સ્વાદ અને સુંગધ સાથે ધૂમ્રપાનની બળતરા અને કડવાશને ઘટાડે છે.
- મેન્થોલ સિગારેટ ખાસ કરીને યુવાનોને આકર્ષે છે અને ઉપયોગમાં સરળ છે.
- મેન્થોલ સિગારેટ કેન્સર, કાર્ડિયોવેસ્ક્યુલર, શ્વસન રોગો અને બહુવિધ પ્રતિકૂળ પ્રજનન પરિણામો સહિતના રોગોનું કારણ બને છે.
- વર્ષ 2006માં યુનાઈટેડ સ્ટેટ્સ સિગારેટ માર્કેટમાં મેન્થોલ ઉત્પાદનોનો હિસ્સો લગભગ પાંચમાં ભાગનો હતો.
- મેન્થોલ સિગારેટનો ઉપયોગ કરતા લોકોની સંખ્યા શ્વેત અમેરિકનો (30%) કરતા અશ્વેત અમેરિકનો (સમુદાયમાં 85% ધૂમ્રપાન કરનારાઓ)માં અપ્રમાણસર રીતે વધારે છે.

નોંધ: (1) ઈ–સિગારેટ અથવા તો ઈલેક્ટ્રોનિક સિગારેટ એ બેટરીથી ચાલતુ એક એવું સાધન છે કે જે તેમાં રહેલા પ્રવાહીને એરોસોલમાં પરિવર્તિત કરે છે.

(2) જેને ઈ–સિગારેટ પીનાર શ્વાસમાં લે છે અને બહાર કાઢે છે.

(3) ઈ–સિગારેટમાં જે પ્રવાહી હોય છે તેમાં Propylene Glycol, Glycerin, Nicotine, Flavorings તથા સીસુ જેવી ધાતુઓ અને અન્ય રસાયણો હોય છે. જેનાથી કેન્સર થવાનું જોખમ રહે છે.

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
NOW AVAILABLE



## આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે શ્રી બી.એસ રાજુની નિમણૂક



આર્મીના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ લેફ્ટનન્ટ જનરલ શ્રી બગ્ગાવલી સોમશેખર રાજુને આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ લેફ્ટનન્ટ જનરલ શ્રી મનોજ પાંડેનું સ્થાન લેશે.
- તેઓ 1 મેના રોજ વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ તરીકેનો કાર્યભાર સંભાળશે.
- આ એક દુર્લભ ઉદાહરણ છે જ્યાં ત્રણ સ્ટાર અધિકારી આર્મી કમાન્ડર તરીકેનો કાર્યકાળ પૂર્ણ કરતા પહેલા વાઈસ ચીફ તરીકેનો કાર્યભાર સંભાળે છે.
- લેફ્ટનન્ટ જનરલ શ્રી બી.એસ રાજુને 15 ડિસેમ્બર, 1984ના રોજ જાટ રેજિમેન્ટમાં કમિશન આપવામાં આવ્યું હતું.
- તેમણે જમ્મુ–કાશ્મીરમાં ઓપરેશન પરાક્રમ દરમિયાન તેમની બટાલિયનને કમાન્ડ કરી હતી.
- તેમને નિયંત્રણ રેખાની સાથે ઊરી બ્રિગેડ, એક કાઉન્ટર ઈન્સર્જન્સી ફોર્સ અને કાશ્મીર ખીણમાં ચિનાર કોર્પ્સનું કમાન્ડિંગ કરવાનું ગૌરવ પણ છે.
- તેઓ એક સારા હેલિકોપ્ટર પાયલોટ પણ છે, તેઓ સોમાલિયામાં UNOSOM-2 ઓપરેશન તરીકે ઉડાન પણ ભરી ચૂક્યા છે.

PSI/ASI તથા કોન્સ્ટેબલ
કાયદો
MCQ BOOSTER
વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે
1300+
હેતુલક્ષી પ્રશ્નોના જવાબ સહિત [MCQ]
Latest 2022
ઝડપી તૈયારી માટે કાયદાનો પરીક્ષાલક્ષી પ્રશ્નસંગ્રહ

- IPC,CrPC અને Evidence Actના તમામ ટોપિકના પ્રશ્ન–જવાબ (MCQ)
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની તૈયારી માટે
- પરીક્ષા પહેલા રીવિઝન તથા પ્રેક્ટિસ માટે અત્યંત ઉપયોગી પ્રશ્ન–જવાબ (MCQ)
- આ પ્રશ્નસંગ્રહમાં મહત્ત્વની કલમો, જોગવાઈઓ, ઉદાહરણો વગેરેની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- આ MCQ પ્રશ્નસંગ્રહ ICEના નિષ્ણાત લેખકો દ્વારા PSI-ASI અને કોન્સ્ટેબલની અગાઉની પરીક્ષામાં પૂછાઇ ગયેલા પ્રશ્નોના ગહન અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે.
- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક. (MCQ)



આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

**1.** દર વર્ષે ભારતમાં કયા દિવસે 'આયુષ્માન ભારત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 એપ્રિલ (B) 1 મે (C) 2 મે (D) 3 મે **(A)**

---

**2.** તાજેતરમાં કોણે 'મેન્થોલ સિગારેટ' અને 'ફ્લેવર્ડ સિગાર' પર પ્રતિબંધ મુકવાનો પ્રસ્તાવ જારી કર્યો હતો ?

(A) Drug Controller General of India

(B) U.S Food and Drug Administration

(C) Austraia Food and Drug Administration

(D) Drug Controller General of U.K **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**3.** વર્ષ 2012માં કયો દેશ મેન્થોલ સિગારેટ પર પ્રતિબંધ મૂકનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો ?

(A) ભારત (B) શ્રીલંકા (C) કેનેડા (D) બ્રાઝિલ **(D)**

---

**4.** આર્મી સ્ટાફના નવા વાઈસ ચીફ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી બગ્ગાવલી રામશેખર રાજુ (B) શ્રી બગ્ગાવલી સોમશેખર રાજુ

(C) શ્રી બગ્ગાવલી રાજશેખર રાજુ (D) શ્રી બગ્ગાવલી માનશેખર રાજુ **(B)**

# ONE LINER

## ગુજરાત

➤ **હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે ગુજરાતના રેલવે સંબંધિત વિવિધ પ્રોજેક્ટમાં રાજ્ય–કેન્દ્રના સરળતાથી સંકલન અંગે ઉચ્ચ સ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી. પી.એમ. ગતિ શક્તિના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર છે ત્યારે ડી. એફ. આઈ.સી. હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ રાજ્યમાં વિવિધ રેલવે લાઈનના ગેજ રૂપાંતરણ અને રેલવે ઓવરબ્રીજ તેમજ ઈલેક્ટ્રિફિકેશનના જે નાના–મોટા પ્રશ્ન છે તેનું ત્વરીત પરસ્પર સંકલનથી નિવારણ લાવવાની દિશામાં આ બેઠક ફળદાયી બનશે. કેન્દ્રીય મંત્રી દર્શનાબહેન જરદોશના જણાવ્યા પ્રમાણે અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન રૂટ પર સૌથી પહેલું તૈયાર થનારું રેલવે સ્ટેશન સુરત હશે.

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં iCreate અને CSIR વચ્ચે MoU સંપન્ન**

ગુજરાતની iCreate અને ભારત સરકારની કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ-CSIR વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે MoU સંપન્ન થયા છે. દેશમાં ઉદ્યોગ સાહસિકો અને સંશોધન કર્તા માટે આ MoU અંતર્ગત CSIR અને iCreate સંયુક્ત સંશાધનો ઉપલબ્ધ કરાવશે. આના પરિણામે દેશ અને રાજ્યમાં ઝડપી આર્થિક વિકાસ સાથે વૈશ્વિક કક્ષાના સ્ટાર્ટઅપના નિર્માણમાં નવું બળ મળશે. આ કરાર અંતર્ગત iCreate નિર્ધારિત CSIR લેબમાં નવા ઈન્ક્યુબેટર સ્થાપિત કરવામાં મદદ કરશે.

## ભારત

➤ **બ્લુ સ્ટ્રેગલર તારા**

તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, બેંગ્લોરના વૈજ્ઞાનિકોને બ્લુ સ્ટ્રેગલર તારાની વિશિષ્ટ વિશેષતા સમજવાની રીત માટે સમર્થન પ્રાપ્ત થયું છે. સંશોધકોએ અવકાશમાં ભારતની પ્રથમ વિજ્ઞાન વેધશાળા એસ્ટ્રોસેટના UVIT સાધન (અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ) દ્વારા અવલોકનો કર્યા છે. બ્લુ સ્ટ્રેગલર્સ એ ખુલ્લા અથવા ગોળાકાર કલ્સ્ટરમાં તારાઓનો એક વર્ગ છે જે અન્ય તારાઓની તુલનામાં પ્રમાણમાં મોટા અને વાદળી રંગના હોવાના કારણે અલગ પડે છે. કેટલાક તારાઓ એવા હોય છે કે જ્યારે તેમનું કદ વિસ્તરણ અને ઠંડુ થવાની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે તેઓ તેનાથી વિપરિત છે. તેમનો વાદળી અથવા બ્લુ રંગ સૂચવે છે કે તેઓ તેજસ્વી અને ગરમ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ યુ. કે. ભારત ન્યુક્લિયર ઉર્જા અને ઈનોવેશનમાં સાથે મળીને કામ કરશે

યુનાઈટેડ કિંગ્ડમના વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોન્સનની ભારત મુલાકાત દરમિયાન બંને દેશોએ વૈશ્વિક ઈનોવેશન પાર્ટનરશીપ અને ન્યુક્લિયર ઉર્જા પાર્ટનરશીપ પર બે સરકારથી સરકાર MoU પર હસ્તાક્ષર કર્યા છે. ભારતના પરમાણુ ઉર્જા વિભાગ અને ગ્લોબલ સેન્ટર ફોર ન્યુક્લિયર એનર્જી પાર્ટનરશીપ (GCNEP) પર સહકાર પર સહકાર પર યુકેના બિઝનેસ, એનર્જી અને ઔદ્યોગિક વ્યૂહરચનાના વિભાગ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશોએ નાગરિક પરમાણુ સહયોગ પર ભાગીદારીને મજબૂત કરવાની તેમની ઈચ્છાને પુનઃપુષ્ટ કરી છે. વૈશ્વિક ઈનોવેશન પાર્ટનરશીપના અમલીકરણ પર ભારતના વિદેશ મંત્રાલય અને યુનાઈટેડ કિંગ્ડમના વિદેશ મંત્રાલય, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલય વચ્ચે અન્ય એક MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વૈશ્વિક ઈનોવેશન પાર્ટનરશીપ એ એક સહકાર અને વિકાસ પહેલ છે જે આબોહવા સંબંધિત અને ટકાઉ વિકાસ લક્ષ્યોને પૂર્ણ કરતા ત્રીજા વિશ્વના દેશોમાં નવીનતાઓને આગળ વધારવા અને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે યુકે દ્વારા 100 મિલિયન ડોલર સુધી સહ–ધિરાણ આપવામાં આવશે.

### ➤ NSO અખિલ ભારતીય ઘરગથ્થુ ઉપભોક્તા ખર્ચ સર્વે હાથ ધરશે

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) દ્વારા દર પાંચ વર્ષે હાથ ધરવામાં આવતો અખિલ ભારતીય ઘરગથ્થુ ગ્રાહક ખર્ચ સર્વેક્ષણ લાંબા અંતરાલ પછી આ વર્ષે ફરીથી શરૂ કરવામાં આવશે. 2011-12થી દેશમાં માથાદીઠ ઘરગથ્થુ ખર્ચ અંગે કોઈ સત્તાવાર અંદાજ નથી આ અંદાજનો ઉપયોગ દેશના વિવિધ ભાગોમાં ગરીબી સ્તરની તપાસ કરવા અને અન્ય આર્થિક સૂચકાંકો જેમ કે GDPની સમીક્ષા કરવા માટે થાય છે. 2022-23 માટે આ સર્વે જુલાઈથી શરૂ કરવામાં આવશે અને જૂન 2023 સુધીમાં પૂર્ણ થશે. આ સર્વેક્ષણના પરિણામોમાં દેશના શહેરી અને ગ્રામીણ ભાગો માટે અલગ–અલગ ડેટા હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ બ્લુ સ્ટ્રેગલર તારા

તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, બેંગ્લોરના વૈજ્ઞાનિકોને બ્લુ સ્ટ્રેગલર તારાની વિશિષ્ટ વિશેષતા સમજવાની રીત માટે સમર્થન પ્રાપ્ત થયું છે. સંશોધકોએ અવકાશમાં ભારતની પ્રથમ વિજ્ઞાન વેધશાળા એસ્ટ્રોસેટના UVIT સાધન (અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ) દ્વારા અવલોકનો કર્યા છે. બ્લુ સ્ટ્રેગલર્સ એ ખુલ્લા અથવા ગોળાકાર ક્લસ્ટરમાં તારાઓનો એક વર્ગ છે જે અન્ય તારાઓની તુલનામાં પ્રમાણમાં મોટા અને વાદળી રંગના હોવાના કારણે અલગ પડે છે. કેટલાક તારાઓ એવા હોય છે કે જ્યારે તેમનું કદ વિસ્તરણ અને ઠંડુ થવાની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે તેઓ તેનાથી વિપરિત છે. તેમનો વાદળી અથવા બ્લુ રંગ સૂચવે છે કે તેઓ તેજસ્વી અને ગરમ છે.

➤ **FSSAI હેલ્થ સ્ટાર રેટિંગ**

તાજેતરમાં FSSAIની હેલ્થ સ્ટાર રેટિંગ સિસ્ટમનો ઘણા બધા ગ્રાહકો અને આરોગ્ય હિમાયતી જૂથો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ફેબ્રુઆરી, 2022માં FSSAIએ 'હેલ્થ સ્ટાર રેટિંગ સિસ્ટમ' અપનાવવાનું નક્કી કર્યુ હતું. આ સિસ્ટમ ઈલેક્ટ્રિકલ ઉપકરણોમાં ઊર્જા કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા ઉપયોગમાં લેવાતી સિસ્ટમ જેવી જ છે. પેકેજ્ડ ખાદ્ય પદાર્થો પર તેમના પર પ્રદર્શિત સ્ટાર્સની સંખ્યા હશે જે સૂચવે છે કે તંદુરસ્ત છે કે બિન આરોગ્યપ્રદ છે. રેટિંગ નક્કી કરવા ખાદ્ય પદાર્થમાં ચરબી, ખાંડ અને મીઠાની માત્રાનો ઉપયોગ કરવામાં આવશે. નોંધનીય છે કે IIM અમદાવાદ દ્વારા ખાદ્ય પદાર્થોના આરોગ્ય રેટિંગ પ્રદર્શિત કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિ અંગે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં સ્ટાર રેટિંગ્સ દર્શાવવાની ભલામણ કરવામાં આવી હતી કારણ કે તે ગ્રાહક માટે સમજવામાં સરળ હશે.

➤ **માલચા મહેલ (Malcha Mahal)**

દિલ્હી સરકાર દ્વારા 14મી સદીના માલચા મહેલનું નવીનીકરણ કરવામાં આવશે. તે તત્કાલીન સુલતાન ફિરોઝ શાહ તુઘલક દ્વારા ઈ.સ. 1325માં બનાવવામાં આવ્યો હતો. અને લાંબા સમય સુધી શિકાર લોજ (Hunting Lodge) તરીકે ઉપયોગમાં લેવાતુ હતું. બાદમાં તે અવધના નવાબોના વંશજોનું રહેઠાણ બન્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **યુરોપિયન યુનિયન અને ભારત વેપાર ટેકનોલોજી પરિષદની સ્થાપના કરશે**

યુરોપિયન યુનિયન અને ભારત ઝડપી ભૌગોલિક રાજકીય ફેરફારોને અનુરૂપ સુરક્ષા અને વિશ્વસનીય ટેકનોલોજી સુનિશ્ચિત કરવા પડકારોનો સામનો કરવાના ઉદ્દેશ્ય સાથે વેપાર અને ટેકનોલોજી પરિષદની સ્થાપના કરવા સંમત થયા છે. આ પ્રકારની કાઉન્સિલની સ્થાપના કરવાનો નિર્ણય ભારત માટે તેના કોઈપણ ભાગીદાર રાષ્ટ્રો સાથે પ્રથમ છે. નોંધનીય છે કે યુરોપિય યુનિયન પહેલાથી યુએસ સાથે આવી કાઉન્સિલની સ્થાપના કરી ચૂકયુ છે. આ કાઉન્સિલની રચના માટેનો કરાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચેની બેઠકમાં થયો હતો.

➤ **'ઈનોવેટિવ એગ્રીકલ્ચર' પર નીતિ આયોગ રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન**

તાજેતરમાં વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે નીતિ આયોગ દ્વારા 'ઈનોવેટીવ એગ્રીકલ્ચર' (અભિનવ કૃષિ) પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય ભારતમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે ભારતીય સંશોધકો, વૈજ્ઞાનિક અને નીતિ નિર્માતાઓની ક્ષમતા નિર્માણમાં મદદ કરવા વર્કશોપમાં ભાગ લેનારા તમામ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના સંશોધન અનુભવ, જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરવાનો છે. આ વર્કશોપમાં વિવિધ રાજ્ય સરકારો, કેન્દ્રીય મંત્રાલયો, ખેડૂતો, ઉદ્યોગ, સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓ, NGO, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં આંતરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને જર્મનીના આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ અને 1250થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં પ્રાકૃતિક (કુદરતી) ખેતીમાં ટેકનોલોજી અને વિજ્ઞાનના મહત્વ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

➤ **સ્વચ્છ ભારત મિશન- અર્બન 2.0 (SBM-U 2.0)**

સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 (SBM-U 2.0)એ 'કચરા મુક્ત શહેરો' માટે ચાલી રહેલા જન ચળવળને મજબૂત કરવા માટે 'કચરા મુક્ત શહેરો માટે રાષ્ટ્રીય વર્તણૂક પરિવર્તન સંચાર ફ્રેમવર્ક (BCC)' શરૂ કર્યું છે. કચરા મુક્ત શહેરો માટેનું BCC ફ્રેમવર્ક રાજ્યો અને શહેરો માટે સઘન અને કેન્દ્રિત આંતર–વ્યક્તિગત સંચાર અભિયાન તેમજ મોટા પાયે મલ્ટીમીડિયા અભિયાન ચલાવવા માટે માર્ગદર્શક દસ્તાવેજ અને બ્લૂપ્રિન્ટ તરીકે કામ કરશે. આ ફ્રેમવર્ક ભારતના શહેરી લેન્ડસ્કેપને બદલવા માટે કચરાના અલગીકરણ, સંગ્રહ, પરિવહન અને સ્ત્રોત પર પ્રક્રિયા, પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને ડમ્પ સાઈટ ટ્રીટમેન્ટ જેવા વિષયો પર અભિયાનને વધુ તીવ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **શ્રી ઈમેન્યુઅલ મેક્રોન ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે ફરી ચૂંટાયા**

24 એપ્રિલ, 2022ના રોજ શ્રી ઈમેન્યુઅલ મેક્રોનની ફ્રાન્સની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફરીથી જીત થઈ છે. તેમણે શ્રી મરીન લે પેનને હરાવ્યા હતા. તેઓ છેલ્લા 20 વર્ષમાં ફરીથી ચૂંટાયેલા પ્રથમ ફ્રેન્સ રાષ્ટ્રપતિ છે. નોંધનીય છે કે 14 મે, 2017થી તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી રહ્યા છે. તેમના પ્રમુખ પદ દરમિયાન તેમણે કરવેરા, શ્રમ કાયદા અને પેન્શનમાં ઘણા સુધારાઓ પર દેખરેખ રાખી છે.

➤ **વિશ્વ રસીકરણ સપ્તાહ 2022**

24થી 30 એપ્રિલ દરમિયાન વિશ્વ રસીકરણ સપ્તાહ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ રસીકરણ સપ્તાહ 2022ની થીમ 'Long Life for All' (બધા માટે લાંબુ જીવન) છે. અને તેનો ઉદ્દેશ લોકોને એ વિચાર સાથે જોડવાનો છે કે રસીઓ આપણા સપનાને પરિપૂર્ણ કરવા, આપણા પ્રિયજનોની સુરક્ષા અને લાંબુ સ્વસ્થ જીવન જીવવાનું શકય બનાવે છે. વિશ્વ રસીકરણ સપ્તાહ એ WHO દ્વારા સંકલિત આરોગ્ય અભિયાન છે જે વાર્ષિક એપ્રિલના છેલ્લા સપ્તાહમાં ઉજવવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય તમામ ઉંમરના લોકોને રોગથી બચાવવા માટે રસીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.

➤ **બેટરી પાસપોર્ટ**

જર્મનીના અર્થતંત્ર મંત્રી શ્રી રોબર્ટ હબેકે જાહેરાત કરી છે કે દેશના ઓટોમોટિવ ઉદ્યોગમાં કંપનીઓના જૂથે 'પાસપોર્ટ' વિકસાવવાની યોજના બનાવી છે જે યુરોપિયન બેટરીની પર્યાવરણીય અસરનું મૂલ્યાંકન કરશે. 11 ભાગીદારો કન્સોર્ટિયમે યુરોપિયન બેટરીઓ પર ડેટા એકત્રિત કરવા અને પ્રસ્તુત કરવા માટેના ધોરણોનો સામાન્ય સમૂહ વિકસાવવા માટે 8.2 મિલિયન યુરોનું ભંડોળ પૂરું પાડયુ છે. Umicore, BMW અને BASF આ બેટરી પાસપોર્ટ પ્રયાસમાં સામેલ કેટલીક કંપનીઓ છે. આ ફ્રેમવર્ક હેઠળ યુરોપિયન બેટરીમાં એક QR કોડ હોવો આવશ્યક છે જે ઓનલાઈન ડેટાબેઝ સાથે લિંક કરવામાં આવશે જ્યાં વ્યવસાયો EV માલિકો અને નિયમનકારો બેટરીની રચના વિશે માહિતી મેળવી શકશે. આ ડિજિટલ ટૂલ બેટરીની અંદરના કાચા માલને રિસાયકલ કરવાનું પણ સરળ બનાવશે. તે બેટરીના ઉત્પાદન માટે જરૂરી એવા નિકલ અને લિથિયમ જેવા સંસાધનો પર પ્રદેશમાં વિદેશી સપ્લાયરોની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.



## ICE ? Questions

- તાજેતરમાં કોની અધ્યક્ષતામાં કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી શ્રીમતી દર્શના બહેન જરદોશે ગુજરાતના રેલવે સંબંધિત વિવિધ પ્રોજેક્ટમાં રાજ્ય–કેન્દ્રના સંકલન અંગે ઉચ્ચ સ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી ? – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
- તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં iCreate અને ..............વચ્ચે MoU સંપન્ન થયા છે. – CSIR
- તાજેતરમાં .................ના વૈજ્ઞાનિકોને બ્લુ સ્ટ્રેગલર તારાની વિશિષ્ટ વિશેષતા સમજવાની રીત માટે સમર્થન પ્રાપ્ત થયું છે. – ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ, બેંગ્લોર
- શ્રી ઈમેન્યુઅલ મેક્રોન કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા છે ? – ફ્રાન્સ
- તાજેતરમાં ભારત અને કયા દેશે વૈશ્વિક ઈનોવેશન પાર્ટનરશીપ અને ન્યુક્લિયર ઉર્જા પાર્ટનરશીપ પર બે સરકારથી સરકાર MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – યુનાઈટેડ કિંગ્ડમ
- .........અખિલ ભારતીય ઘરગથ્થુ ઉપભોક્તા ખર્ચ સર્વે હાથ ધરશે. – NSO
- વિશ્વ રસીકરણ સપ્તાહ 2022નું આયોજન 24 થી 30 એપ્રિલ દરમિયાન કરવામાં આવ્યું હતું. તેની થીમ શું હતી ? – Long Life for All
- FSSAI હેલ્થ સ્ટાર રેટિંગ કોની સાથે સંકળાયેલ છે ? – પેકેજ્ડ ખાદ્ય પદાર્થો
- તાજેતરમાં કયા દેશના અર્થતંત્ર મંત્રીએ જાહેરાત કરી છે કે દેશના ઓટોમોટિવ ઉદ્યોગોમાં કંપનીઓના જૂથે બેટરી પાસપોર્ટ વિકસાવવાની યોજના બનાવી છે ? – જર્મની
- ..........સરકાર દ્વારા 14મી સદીના માલચા મહેલનું નવીનીકરણ કરવામાં આવશે. – દિલ્હી
- ..........અને ભારત વેપાર ટેકનોલોજી પરિષદની સ્થાપના કરશે. – યુરોપિયન યુનિયન
- તાજેતરમાં કયા સ્થળે નીતિ આયોગ દ્વારા 'ઈનોવેટીવ એગ્રીકલ્ચર' પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું ? – વિજ્ઞાન ભવન, નવી દિલ્હી
- કયા મિશન હેઠળ તાજેતરમાં 'કચરા મુક્ત શહેરો માટે રાષ્ટ્રીય વર્તણૂક પરિવર્તન સંચાર ફ્રેમવર્ક' (BCC) શરૂ કર્યું છે ? – SBM-U 2.0

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'ઊર્જા પ્રવાહ' (URJA Pravaha) જેને તાજેતરમાં સામેલ કરવામાં આવ્યું હતું, તે કયા સશસ્ત્ર દળનું જહાજ છે ? – ભારતીય કોસ્ટ ગાર્ડ

2. ભારતમાં 5થી 12 વર્ષની વયના બાળકો માટે કટોકટીના ઉપયોગની અધિકૃતતા પ્રાપ્ત કરનાર પ્રથમ રસી કઈ છે ? – Corbevax

(DCGIની નિષ્ણાત પેનલે 5થી 12 વર્ષની વયના બાળકો માટે Corbevax માટે કટોકટીના ઉપયોગની અધિકૃતતાની ભલામણ કરી છે. હૈદરાબાદ સ્થિત કંપની બાયોલોજિકલ–ઈ દ્વારા વિકસાવવામાં આવેલ Corbevax, Covid-19 સામે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત RBD પ્રોટીન સબ–યુનિટ રસી છે.)

3. 'India OUT' અભિયાન કયા દેશ સાથે સંબંધિત છે ? – માલદીવ

(માલદીવના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહે એક આદેશ જારી કરીને 'ઈન્ડિયા આઉટ' અભિયાન પર પ્રતિબંધ મૂકયો છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ યામીનની આગેવાની હેઠળ અભિયાનમાં માલદીવની સરકાર પર ટાપુ રાષ્ટ્રમાં ભારતીય સૈન્યની હાજરીને મંજૂરી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ શ્રી ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહે ઈન્ડિયા ફસ્ટ વિદેશ નીતિ પસંદ કરી છે.)

4. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં દર વર્ષે કયા દિવસે એન્જેક ડે ઉજવવામાં આવે છે ? – 25 એપ્રિલ

5. તાજેતરમાં નાસાના..............રોવરે મંગળના બે ચંદ્રમાંના એક ફોબોસ પર ગ્રહણનો વીડિયો કેપ્ચર કર્યો હતો ? – પર્સિવેરન્સ (Persevarance)

6. યુ.કે.ના વડાપ્રધાનનું નામ જણાવો ? – શ્રી બોરિસ જોન્સન

(યુ.કે.ના વડાપ્રધાન તાજેતરમાં ભારતના પ્રવાસે આવ્યા છે. તેમણે ગાંધીનગર સ્થિત દેશની સૌપ્રથમ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે પંચમહાલ જિલ્લાના હાલોલ નજીક નવનિર્મિત જેસીબી કંપનીના પ્લાન્ટનું ઉદ્દઘાટન કર્યુ હતું.)

7. તાજેતરમાં અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતમાં કેટલામો 'ગૌરવવંતા ગુજરાત' એવોર્ડ સમારંભ યોજાયો હતો ? – 14મો

8. 'રાયસીના ડાયલોગ' (Raisina Dialogue) જેનું તાજેતરમાં ઉદ્દઘાટન થયું હતું, તે કયા ક્ષેત્રની પરિષદ છે ? – વિદેશ નીતિ

(રાયસીના ડાયલોગ એ ભારતની મુખ્ય વિદેશ નીતિ અને ભૂ–અર્થશાસ્ત્ર પરિષદ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુરોપિયન યુનિયન કમિશનના ચેરપર્સન ઉર્સુલા વોન ડેર લેયેન સાથે સાતમી આવૃત્તિનું ઉદ્દઘાટન કર્યુ હતું. સાતમી આવૃત્તિમાં 90 દેશોના 200થી વધુ વક્તાઓ ભાગ લઈ રહ્યા છે. આ પરિષદ વિદેશ મંત્રાલય અને થિંક ટેન્ક ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનનું સંયુક્ત સાહસ છે. આ વર્ષની થીમ 'Terranova : Impassioned, Impatient, and Imperilled' છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. અમૃત સરોવર પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે જે તાજેતરમાં સમાચારોમાં હતું ? – જળાશયોનું કાયાકલ્પ
(અમૃત સરોવર પહેલ હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે દરેક જિલ્લામાં 75 જળાશયો વિકસાવવામાં આવશે અને તેને પુનર્જીવિત કરવામાં આવશે. ઉત્તરપ્રદેશ રાજ્યના રામપુરની ગ્રામ પંચાયત પટવાઈમાં ભારતનું પ્રથમ 'અમૃત સરોવર' પૂર્ણ થયું છે. રામપુરમાં 75 તળાવોને અમૃત સરોવર તરીકે વિકસાવવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.)

10. વિશ્વના ટોચના 10 અબજોપતિની યાદીમાં કેટલા ભારતીયોનો સમાવેશ થયેલો છે ? – 2
(શ્રી ગૌતમ અદાણી ટોચના અબજોપતિની ફોર્બ્સ યાદીમાં પાંચમાં ક્રમે પહોંચી ગયા છે અને શ્રી મુકેશ અંબાણી આ યાદીમાં આઠમાં ક્રમે છે.)

11. Trilateral Development Corporation (TDC) Fund' અથવા ત્રિપક્ષીય વિકાસ નિગમ (TDC) ફંડ' એ કયા દેશની રાજદ્વારી પહેલ છે ? – ભારત
(ભારતના કેન્દ્રીય વિદેશ મંત્રાલયે તાજેતરમાં 'ત્રિપક્ષીય વિકાસ નિગમ (TDC) નામનું એક પ્લેટફોર્મ શરૂ કર્યુ છે. આ ફંડમાં ઈન્ડો–પેસિફિક અને અન્ય પ્રદેશોમાં રોકાણ માટે રાજ્યના સમર્થન સાથે ખાનગી ક્ષેત્રને સામેલ કરશે. તેનો હેતુ ચીનના બેલ્ટ–રોડ ઈનિશિએટિવ (BRI)નો વિકલ્પ પૂરો પાડવાનો છે.)

12. તાજેતરમાં ચર્ચામાં રહેલ કુરિલ ટાપુઓ પર કયા દેશો દાવો કરી રહ્યા છે ? – જાપાન અને રશિયા
(1945મા સોવિયેત સંઘે કુરિલ ટાપુઓ પર વિજય મેળવ્યો ત્યારથી, આ માલિકી જાપાન દ્વારા પડકારવામાં આવી રહી છે. 2022 ડિપ્લોમેટિક બ્લૂબુકની નવીનતમ આવૃત્તિનાં જે જાપાનના વિદેશ મંત્રાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી, તે જણાવે છે કે ટાપુઓ જાપાનની માલિકીના છે.)

13. એશિયાના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય ફૂડ એન્ડ હોસ્પિટાલિટી મેળો 'આહાર 2022' આયોજન સ્થળ કયું છે ? – નવી દિલ્હી
(એગ્રીકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન (ITPO) સાથે મળીને એશિયાના સૌથી મોટા ઈન્ટરનેશનલ ફૂડ એન્ડ હોસ્પિટાલિટી મેળો 'આહાર 2022'નું આયોજન કરી રહી છે. આ મેળાનું આયોજન નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે કરવામાં આવી રહ્યું છે.)

14. સુરતની કઈ હીરા કંપની કાર્બન ન્યુટ્રલ નેચરલ ડાયમંડ ઉત્પાદન કરતી ભારતની પ્રથમ કટિંગ અને પોલિશિંગ કંપની બની છે ? – શૈરુ જેમ્સ

15. કઈ સંસ્થાએ તાજેતરમાં 'ઈનોવેટીવ એગ્રીકલ્ચર' પર રાષ્ટ્રીય કક્ષાની વર્કશોપનું આયોજન કર્યુ હતું ? – નીતિ આયોગ

16. ભારતે કયા દેશ સાથે રિન્યુએબલ એનર્જીના ટ્રાન્સફર માટે 'ટ્રાન્સમિશન ઈન્ટરકનેકશન' સ્થાપિત કરવાની જાહેરાત કરી છે ? – માલદીવ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ભારતના કયા રાજ્યએ તાજેતરમાં સાત રોપ–વે પ્રોજેક્ટના વિકાસ માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે ?

– હિમાચલ પ્રદેશ

18. ફાર્મા અને મેડિકલ ડિવાઈસીસ સેક્ટર 2022 પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું સ્થળ કયું છે ? – નવી દિલ્હી

19. ACI વર્લ્ડવાઈડ રિપોર્ટ અનુસાર રીઅલ–ટાઈમ ટ્રાન્ઝેકશન્સમાં ભારત વિશ્વમાં કેટલામાં ક્રમે છે ? – પ્રથમ

20. જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં જમ્મુ વિભાગનો ..........જિલ્લો પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 100% પરિવારોને આવરી લેનાર દેશનો પ્રથમ જિલ્લો બન્યો છે. – સાંબા

21. ભારતે તાજેતરમાં કયા યુરોપિયન દેશમાં તેનું નવું દૂતાવાસ ખૂલ્યુ છે ? – લિથુઆનિયા

(કેન્દ્રીય કેબિનેટે રાજકીય સંબંધો અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા માટે બાલ્ટીક દેશ સાથે દ્વિપક્ષીય વેપારના વિકાસને સક્ષમ બનાવવા માટે 2022માં લિથુઆનિયામાં નવું ભારતીય દૂતાવાસ ખોલવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. લિથુઆનિયામાં ભારતની રાજદ્વારી હાજરી કંપનીઓ માટે બજારમાં પ્રવેશ કરશે અને માલસામાન અને સેવાઓની નિકાસમાં સુધારો કરશે.)

22. 'સ્પેશિયલ 301 રિપોર્ટ' જે તાજેતરમાં સમાચારમાં હતો, તે કયા દેશ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ?

– અમેરિકા

(અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિએ યુએસ ટ્રેડિંગ પાર્ટનર્સના રક્ષણ અને બૌધ્ધિક સંપાદા અધિકારોના અમલીકરણની અસરકારકતા પર 'સ્પેશિયલ 301 રિપોર્ટ' બહાર પાડ્યો હતો. આ તાજેતરના અહેવાલમાં ભારત, ચીન, રશિયા અને ચાર અન્ય દેશો જેમ કે આર્જેન્ટિના, ચિલી, ઈન્ડોનેશિયા અને વેનેઝુએલાને તેની વાર્ષિક પ્રાથમિકતાની યાદીમાં મુકવામાં આવ્યા છે.)

23. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની 2022ની કોન્ફરન્સનું સ્થળ કયું છે ? – નવી દિલ્હી

(ભારતના મુખ્ય ન્યાયાધીશ શ્રી એન.વી.રમન્નાએ સુપ્રીમ કોર્ટ નવી દિલ્હીના પરિસરમાં દેશની વિવિધ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની 39મી કોન્ફરન્સની અધ્યક્ષતા કરી હતી. પ્રથમ મુખ્ય ન્યાયાધીશોની કોન્ફરન્સ 1953માં યોજાઈ હતી અને અત્યાર સુધીમાં આવી 38 કોન્ફરન્સ યોજાઈ ચૂકી છે. છેલ્લી કોન્ફરન્સ વર્ષ 2016માં યોજાઈ હતી.)

24. કેન્દ્રીય કેબિનેટે કઈ બેંકને તેની સેવાઓનો વિસ્તાર કરવા માટે રૂ. 820 કરોડના વધારાના ભંડોળને મંજૂરી આપી છે ? – **India Post Payments Bank**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Platform | Link |
| --- | --- |
| Website | iceonline.in |
| YouTube | icerajkot |
| WhatsApp | joinicerajkot.com |
| Telegram | t.me/icerajkotofficial.com |
| Instagram | icerajkot |
| Facebook | icerajkot |
| Twitter | icerajkot |
| ICE Magic | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.